# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/02/2026** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **ઉર્જા, સિરામિક ઉદ્યોગ અને કેન્સરને લગતી દવાઓ સસ્તી થવાની બજેટની જાહેરાતને ચારેતરફથી આવકાર - ઉદ્યોગકારો અને ગૃહિણીઓએ બજેટને વખાણ્યું**
2. **ઇલેક્ટ્રીક વાહનો, વિદેશ પ્રવાસ સસ્તા થવાની જાહેરાતને કારણે રાહત**
3. **હજારો માઇભક્તોની પરિક્રમા સાથે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત ત્રિ- દિવસીય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ સંપન્ન..**
4. **રાજ્યના કેટલાંક વિસ્તારોમાં આજે વાતાવરણ વાદળછાયુ રહેવાની વકી**
5. **ક્રિકેટમાં, અંડર-19ના વિશ્વકપમાં પાકિસ્તાનને 58 રને હરાવીને ભારતનો સેમિફાઇનલમાં પ્રવેશ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# BUDGET REACTION

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણે ગઇકાલે અંદાજપત્ર રજૂ કર્યુ હતું..રજૂ થયેલા આ બજેટને ચારેતરફથી આવકાર મળી રહ્યો છે. જેમાં કરવામાં આવેલી વિવિધ જોગવાઇઓને કારણે વિકાસની ગતિ વધુ વેગવંતી બનેશે તેવી આશા વ્યક્ત કરાઇ રહી છે. ખાસ કરીને ગુજરાતની વિવિધ યોજનાઓની જે જાહેરાતો કરવામાં આવી છે. તે અંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ તેને આવકાર્યુ છે.

નાણાં મંત્રીએ પર્યાવરણીય રીતે ટકાઉક્ષમ રીતે માલસામાનની હેરફેરને પ્રોત્સાહન આપવા માટે, પૂર્વમાં દાનકુની અને પશ્ચિમમાં સુરતને જોડતો નવો ફ્રેઇટ કોરિડોર તૈયાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ કોરિડોરને કારણે સુરતના ટેક્સટાઇલ્સ ઉદ્યોગને ઘણો ફાયદો થશે , તેમ ગારમેન્ટસ એસોસિએશનના રાષ્ટ્રીય અધ્યક્ષ ચંપાલાલ બોથરાએ જણાવ્યું હતું.

## બાઇટ- ચંપાલાલ બોથરા,

નાણાં મંત્રીએ સમર્થન આપવાની દરખાસ્ત કરી છે.

‘લખપતિ દીદી કાર્યક્રમ’ની સફળતાને ધ્યાનમાં રાખીને, સ્વ-સહાય ઉદ્યમી **(SHE)** માર્ટ્સને ઉન્નત અને આવિષ્કારી નાણાંકીય સાધનો દ્વારા ક્લસ્ટર સ્તરના સંઘોમાં સામુદાયિક માલિકીના રિટેલ આઉટલેટ્સ તરીકે સ્થાપિત કરવામાં આવશે. ત્યારે ડાંગના લખપતિ દીદી યોજનામાં કાર્યરત કશિષ બારિયાએ આ બજેટને કારણે મહિલાઓને ફાયદો થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતોય

## બાઇટ- કશિશ બારિયા, લખપતિ દીદી, ડાંગ

કસ્ટમ્સ અને કેન્દ્રીય આબકારી જકાત માટેની દરખાસ્તોનો ઉદ્દેશ્ય ટેરિફ માળખાને વધુ સરળ બનાવવાનો, સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવાનો, નિકાસ સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાનો અને ડ્યૂટીમાં સુધારો કરવાનો છે. ત્યારે રાજ્યના સિરામિક ઉદ્યોગને પણ મોટો ફાયદો થશે તેમ મોરબીના સિરામિક એસોસિએશનના પ્રમુખ મનોજ એરવાડિયાએ જણાવ્યુ હતું.

**બાઇટ- મનોજ એરવાડિયા, મોરબી સિરામિક ઉદ્યોગ પ્રમુખ**

ઉર્જાના ક્ષેત્રમાં કરેલી જાહેરાતોને કારણે આ ઉદ્યોગોની વિકાસની ગતિ ઝડપી બનશે અને ઉદ્યોગકારોને ફાયદો થશે તેમ સુરતના ઉદ્યોગકાર ડોક્ટર ચેતન શાહે જણાવ્યું હતું..

**બાઇટ- ડોક્ટર ચેતન શાહ , ઉદ્યોગકાર**

જ્યારે આરોગ્ય વિષયકમાં મહત્વપૂર્ણ રીતે 17 દવાઓને સસ્તી કરવાની જાહેરાત કરી છે. જેને વલસાડના ગૃહિણી એવા કૃતિકા પાટિલે આવકારી હતી અને બજેટમાં ગૃહિણીઓને અપાયેલા ફાયદા અઁગે ખુશી વ્યક્ત કરી હતી

**બાઇટ- કૃતિકા પાટિલ, ગૃહિણી , વલસાડ**

આ બજેટની જાહેરાત અનેક આશાઓ અને અપેક્ષાઓ સાથે રજૂ થયું હોવાનો સૂર તમામ ક્ષેત્ર દ્વારા વ્યકત થઇ રહ્યો છે.

---

# PRICE LOW

કેન્દ્રીય બજેટમાં રાહતોને કારણે કેટલીક વસ્તુઓ સસ્તી થશે જ્યારે કટેલીક વસ્તુઓના ભાવ વધશે. જેમાં જે વસ્તુઓ સસ્તી થશે તેમાં સોલર પેનલ અને બેટરી સંબંધિત ઉત્પાદનો પર રાહત મળતા સોલર સિસ્ટમ બેસાડવી હવે વધુ પરવડશે.

જ્યારે સાત જેટલા દુર્લભ રોગો માટેની મોંઘી દવાઓના ભાવમાં ઘટાડો થશે. આ ઉપરાંત ચામડું અને કાપડ ઉદ્યોગની નિકાસ સસ્તી થતા વૈશ્વિક બજારમાં ભારતની પકડ મજબૂત બનશે. જ્યારે વિવિધ પ્રકારના ખનિજોના ભાવમાં વધારો થઈ શકે છે. દારૂ પરના ટેક્સ કે અન્ય ડ્યુટીને કારણે તે વધુ મોંઘો થશે.

ભંગારની કિંમતોમાં પણ વધારો જોવા મળશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા વર્ષ **2026-27**ના બજેટમાં વિદેશ ફરવાના શોખીનો , વિદેશ જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને દર્દીની સારવાર માટે વિદેશ મોકલાતા નાણાંને લઈને મહત્ત્વની જાહેરાત કરી છે.

તેમણે 'લિબરાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ' **(LRS)** હેઠળ અભ્યાસ અને મેડિકલ માટે વિદેશ મોકલાતા નાણાં તેમજ વિદેશના ટુર પેકેજના વેચાણ પર સ્રોત પરનો ટેક્સ ઘટાડીને બે ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.આ ઉપરાંત ઇલેક્ટ્રિક વાહનોના ભાવમાં પણ ઘટાડો થશે.

# AMBAJI PARIKRAMA MAHOTSAV

યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત ત્રિ- દિવસીય '51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-2026'ના અંતિમ દિવસે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પરિક્રમા મહોત્સવમાં સહભાગી થયા હતા. તેમને ગબ્બર પરિક્રમા પથ પર પદયાત્રા કરી તમામ 51 શક્તિપીઠોના દર્શન કર્યાં હતા.

## (બાઇટ - શંકર ચૌધરી)

શ્રી ચૌધરીએ જણાવ્યું કે, પવિત્ર અંબાજી ધામ ખાતે ગબ્બરની પરિક્રમા કરવી એ એક અલૌકિક લ્હાવો છે અને આ પરિક્રમા મહોત્સવ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસતને વેગ આપી રહ્યો છે. તેમને શ્રધ્ધાળુઓને પર્યાવરણ સંરક્ષણ માટે 'પ્રકૃતિનું જતન' કરવાનો અનુરોધ કર્યો હતો.

વિધાનસભા અધ્યક્ષે પરિક્રમા પથ પર કાર્યરત સફાઈ કર્મીઓને બિરદાવ્યા અને શ્રદ્ધાળુઓને સ્વહસ્તે અલ્પાહાર પીરસી સેવા બજાવી હતી.

---

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 7 દિવસ શુષ્ક વાતાવરણ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી.

હાલમાં મધ્ય મહારાષ્ટ્રથી દક્ષિણ હરિયાણા સુધી ટ્રફ સિસ્ટમ સક્રિય હોવાના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આંશિક વાદળછાયું વાતાવરણ જોવા મળી શકે છે.

## (બાઇટ - પ્રદીપ શર્મા, હવામાન)

દરમિયાન રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. સૌથી ઓછું 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું.

---

## U-19 CRICKET - IND VS PAK

ICC પુરુષ અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપમાં , ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને 58 રને હરાવી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ગઈકાલે ઝિમ્બાબ્વેના બુલાવાયોમાં રમાયેલી મેચમાં ભારતે પાકિસ્તાનને 253 રનનો લક્ષ્યાંક આપ્યો હતો . જવાબમાં પાકિસ્તાન 46 ઓવરને 2 બોલમાં 194 રન બનાવી ઓલઆઉટ થયું હતું. ભારત તરફથી આયુષ મ્હાત્રે અને ખિલન પટેલે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. કનિષ્ક ચૌહાણને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આગામી 4 તારીખે સેમિફાઇનલમાં ભારત અફઘાનિસ્તાન સામે ટકરાશે. બીજી સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો થશે. સેમિફાઇનલના વિજેતાઓ 6 ફેબ્રુઆરીએ ફાઇનલ મુકાબલામાં ટકરાશે.

---